ગાંધીનગર સમાચાર

સે. ૩૦માંથી પોલીસે 'પોકેમોન' પકડ્યો..!

બેંકોની હડતાલને પગલે જિલ્લામાં ૨૦૦ કરોડનો આર્થિક વ્યવહાર ઠપ્પ

ગાંધીનગર,૨૯

કેન્દ્ર સરકાર દ્વારા બેંકિંગ પોલીસી સામે યુનિયન દ્વારા સરકાર સાથે વાટાઘાટો કરવામાં આવી હતી પરંતુ તે નિષ્ફળ જતા આખરે કર્મચારી યુનિયન દ્વારા આજે હડતાલનું એલાન કર્યું હતું. જેના પગલે ગાંધીનગરની નેશનલ બેંકના કર્મચારીઓ દ્વારા આ હડતાલમાં જોડાયા હતા. જેના કારણે ગાંધીનગર જિલ્લાની બેંકોની વિવિધ ૨૫૦ જેટલી બ્રાન્ચમાં તાળાં વાગેલા હતા અને એક અંદાજ પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં ૨૦૦ કરોડ રૂપિયાનો આર્થિક વ્યવહાર ખોરવાયો હતો.

પૈસા હોવા છતાંય બેંકના નાણા ન ચુકવતા વિલફૂલ ડિફોલ્ટર્સને ક્રિમિનલ જાહેર કરવાની અને તેમની સામે ફોજદારી ધારાની કલમો હેઠળ

● અનુસંધાન પાન-૭ પર

સેક્ટર૨-૧૧માં મોડી સાંજે આખલાએ આતંક મચાવ્યો

આખલાઓના યુધ્ધથી રાહદારીઓ પણ ભયભીત : સતત ૧૫ મિનિટ સુધી સર્વિસ રોડ બાનમાં લીધો : સદનસીબે કોઇને ઇજા ન થઇ : ગાડીઓને પણ નુકશાન કર્યું

ગાંધીનગર તા ૨૯

શહેરમાં સે-૧૧ સ્થિત પેટ્રોલપંપ પાસે ગઈકાલે મોડી સાંજે બે આખલાએ આંતક મચાવ્યો હતો. યુધ્ધે ચઢેલા બન્ને આખલાની લડતમાં નજીકમાં પાર્કીંગમાં ઘણીખરી ગાડીઓને પણ નુકશાન થયુ હતુ. સતત ૧૫ મિનિટ સુધી આખલાઓએ આતંક મચાવતા રાહદારીઓમાં પણ ફફડાટ પ્રવર્તયો હતો. પાર્કીંગમાં પાર્ક થયેલી ગાડીઓ પર આખલાઓ ટકરાતા કાર પર ઘોબા પડી ગયા હતા. આસપાસના શોપિંગ કોમ્પલેક્ષના વેપારીઓ પણ આખલાનો આતંક જોઇ ડઘાઈ ગયા હતા. આજે વોટસ એપ પર આખલાના આતંકની આ વિડીયો પણ વાઈરલ થઈ હતી. જેના અંતે નગરમાં રખડતા ઢોરનો આતંક દિનપ્રિતિદિન વધતા શહેરીજનો પણ ભયની લાગણી અનુભવી રહયા છે.

શહેરના સેકટરો રખડતા ઢોરનો અડ્ડો બન્યા છે. નગરના માર્ગો પર વચાળે જ અડીંગો જમાવી બેસતા ઢોરના લીધે ગમે ત્યારે અકસ્માત સર્જાય છે.શહેરમાં રખડતા ઢોરની સમસ્યા વકરી છે. નગરના મુખ્ય માર્ગ વચાળે જ ઢોરનો અડ્ડો જોવા મળી રહયો છે. ત્યારે નગરના જાહેર સ્થળોએ રખડતા ઢોર સિનિયર સિટીઝન્સ અને મહીલાઓ માટે આફત સમાન બન્યા છે. શહેરના શાકમાર્કેટ વિસ્તારમાં રખડતા ઢોર મહીલાઓને અડફેટે ચઢાવતા હોવાના અનેક કીસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. રખડતા ઢોર માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ જોખમી બન્યા છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા પણ આ સમસ્યા નિવારવા કોઈ પગલા લેવાતા ન નગરજનો હવે રખડતા ઢોરથી ફફડી રહયા છે.

હાલ શહેરના સેકટરોમાં તાદ્રશ્ય થતા ચિતારથી નગરજનોની સલામતીનો મુદ્દો જાણે રામભરોસે હોવાનુ સ્પષ્ટ થયુ છે. સે-૧૧ સ્થિત પેટ્રોલ પંપ પાસે ગઈકાલે મોડી સાંજે કાંઈક આવુ જ દ્રશ્ય સર્જાયુ હતુ. વિશાળકાય બે આખલા બાખડતા આ વિસ્તારમાં થોડી વાર માટે સલામતી જોખમાઈ હતી. કોમર્શિયલ વિસ્તારમાં સર્વિસ રોડ વચાળે જ આખલા યુધ્ધે ચઢયા હતા. આખલાના આતંકના લીધે નજીકના પાર્કીંગમાં પાર્ક થયેલી ગાડીઓને પણ નુકશાન થયુ હતુ. સદનસીબે કોઈ આખલાની અડફેટે ચઢયુ ન હતુ.રાહદારીને ઈજા થવા પામી ન હતી.પરંતુ આસપાસના કોમ્પલેક્ષના વેપારીઓ અને રૂટમાંથી પસાર થતા રાહદારીઓમાં ભય પ્રવર્તયો હતો.

સ્માર્ટ વિલેજ પ્રોજેક્ટની કાર્યયોજના ઘડવાની કવાયત

ગાંધીનગર, તા. ૨૯

સ્માર્ટ વિલેજ પ્રોજેક્ટના અમલીકરણ પૂર્વે તેની કાર્યયોજના તૈયાર કરવાની કવાયત તંત્ર અને પસંદગી પામેલ ૮ ગામો દ્વારા હાથ ધરવામાં આવી છે.

સ્માર્ટ વિલેજ એ રાજ્ય સરકારનો અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે અને આ વર્ષે રાજ્ય સરકારે અંદાજપત્રમાં આ અંગે રૂ. ૫૦૦ કરોડની વિશેષ જોગવાઈ કરી છે. પ્રોજેક્ટના અમલીકરણ તેમજ મોનીટરીંગ માટે સોસાયટી એક્ટ અને ટ્રસ્ટ એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન કરી અલાયદુ તંત્ર પણ ઉભુ કરવામાં આવી રહ્યુ છે.

મળતા નિર્દેશો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાંથી જે ૮ ગામોની દરખાસ્ત મોકલવામાં આવી હતી તે ગામોના સરપંચો તેમજ તંત્રના અધિકારીઓ તેમજ એન.જી.ઓ.ની એક સંયુક્ત બેઠક આ સપ્તાહમાં જ યોજાઈ હતી.

આ બેઠકમાં સામાજિક સમરસતા સાથે ગામના સર્વાંગી વિકાસની આખી કાર્યયોજના વિવિધ વિભાગો સાથે સુયોગ્ય સંકલનમાં રહી તૈયાર કરવાની કવાયત હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ગામની પ્રાથમિક જરૂરિયાતો, સામુહિક જરૂરિયાતો, તેમજ અન્ય બાબતોને અલગ તારવવામાં આવશે અને તે માટેની આખીય કાર્યયોજના તૈયાર કરી પાંચ વર્ષની આખી વિકાસ યોજનાનો રોડ મેપ તૈયાર કરાશે.

ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી જયશ્રી દેવાંગન અને પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી અજય પટેલની વિશેષ ઉપસ્થિતિમાં મળેલ બેઠકમાં સ્માર્ટ વિલેજની કલ્પનાને લઈ એક ખાસ પ્રેઝન્ટેશન પણ રજુ કરવામાં આવ્યું હતું. આ અંગે તાજેતરમાં હિંમતનગર મુકામે એક દિવસીય વર્કશોપ પણ યોજવામાં આવ્યો હતો.

સે. ૩૦માંથી પોલીસે 'પોકેમોન' પકડ્યો..!

ધો. ૧૦માં અભ્યાસ કરતો વિદ્યાર્થી પોકેમોન રમતા રમતા નરોડાથી ગાંધીનગર આવી ગયો ને વસાહતીઓના ઘરમાં પોકેમોન શોધવા ઘુસવા માંડ્યો : સે. ૨૧ પોલીસ કિશોરને પોલીસ સ્ટેશન લઈ ગઈ : ગેમ રમવામાં મશગુલ કિશોર બે દિવસથી સૂતો જ નથી..! બિઝનેશમેન પિતાને નરોડાથી પોલીસ સ્ટેશન બોલાવ્યા

ગાંધીનગર, તા. ૨૯

પોકેમોન-ગો ગેમનો યુવા પેઢીને એવો ચસકો લાગ્યો છે કે તેને ગેમ રમવાની લગની ગણવી કે વિકૃતતા..? તે સમજાતુ નથી. આજે એક વિચિત્ર કિસ્સો ધ્યાને આવ્યો છે. નરોડાથી એક કિશોર ગઈકાલથી મોબાઈલમાં પોકેમોન શોધવા નીકળી ગયો હતો. આજે પોકેમોન શોધતા-શોધતા ગાંધીનગર પહોંચી જઈ સે. ૩૦માં વસાહતીઓના ઘરમાં ઘુસવા લાગ્યો હતો. હેરાન થઈ ગયેલા વસાહતીઓએ પોલીસ બોલાવતા સે. ૨૧ પોલીસ 'પોકેમોન'ને પકડી ગઈ..! કિશોરની હાલત એવી હતી કે તેના પર સખત ઊંઘ સવાર હતી કેમ કે બે દિવસથી તે ગેમમાં ને ગેમમાં સુતો જ ન હતો..! પોલીસે તેના બિઝનેશમેન પિતાને નરોડાથી બોલાવવામાં આવ્યા હતા.

મળતી વિગત મુજબ આજે બપોરના અરસામાં એક કિશોર એન્ડ્રોઈડ મોબાઈલમાં પોકેમોન-ગો ગેમ રમતા રમતા સે. ૩૦ના ત્રણ-ચાર મકાનોમાં પોકેમોન શોધવા ઘુસવા માંડ્યો હતો. વસાહતીઓ અજાણ્યા કિશોરને ઘરમાં ઘુસતા જોઈને ચોંકી ગયા અને કેમ ઘરમાં આંટા મારે છે તેમ પુછતા 'પોકેમોન શોધુ છુ' તેવા ઉડાઉ જવાબ આપતા વસાહતીઓએ પોલીસ બોલાવી લીધી હતી. ચોરો પકડવા માટે સમય નિકાળી નથી શકતી તે પોલીસને હવે પોકેમોન પકડવાના દહાડા આવ્યા..!

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

મારા ધર્મપત્ની **વિલાસબેન પ્રકાશચંદ્ર શાહ**નું તા. ૨૭/૭/૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ઈશ્વરને ગમ્યું તે ખરું. **સદ્‌ગતનું બેસણું તા. ૩૧/૩/૨૦૧૬ના રોજ રવિવારે સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૨૬૨, વાસતી પેલેસ, સેક્ટર-૨૯, ગાંધીનગર

લી.
પ્રકાશ સી. શાહ (નિવૃત્ત - જળસંપત્તિ નિગમ)
કિરીટ સી. શાહ
(ડિરેક્ટર, ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી)
પિંકલ પી. શાહ (કલ્પતરુ પાવર ટ્રાન્સ. લી.)
ધવલ પી. શાહ

માધવસિંહ સોલંકીને સિવિલમાં દાખલ કરાયા

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને પૂર્વ કેન્દ્રીય મંત્રી માધવસિંહ સોલંકીની તબિયત નાદુરસ્ત બનતાં તેમને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં તેમની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળેલ છે.

માધવસિંહજીનો આજે જન્મ દિવસ છે પણ સાંપ્રત બનાવોને પગલે તેમણે જન્મ દિવસની કોઈ ઉજવણી નહિ કરવાનો નિર્ણય કરેલ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

જોઈએ છે
સીક્યુરીટી ગાર્ડ તથા સુપરવાઈઝર
ધોરણ-૧૦ પાસ, ઉંમર-૪૦ સુધી, ગાંધીનગર માટે જ ખાસ, આકર્ષક પગાર
મો. : ૯૭૧૨૯ ૭૫૧૩૬

બેસણું

સ્વ. કૌશિકકુમાર જયંતિલાલ જાની

દુઃખ સાથે જણાવવાનું કે, અમારા સુપુત્ર **ચિ. કૌશિકકુમાર જયંતિલાલ જાની**નું દુઃખદ અવસાન તા. ૨૫/૭/૨૦૧૬ના રોજ થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું તા. ૩૧/૭/૨૦૧૬ને રવિવારે બપોરે ૨-૦૦ થી ૫-૦૦ દરમિયાન** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : ૨૫, વિરાટનગર સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર

સુધીરકુમાર જયંતિલાલ જાની
ભૂપેન્દ્રકુમાર જયંતિલાલ જાની
દિપકકુમાર કૃષ્ણકાંત જાની
જીજ્ઞેશકુમાર કૃષ્ણકાંત જાની
કપીલકુમાર કનૈયાલાલ જાની

લી.
જયંતિલાલ દશરથલાલ જાની
કૃષ્ણકાંત દશરથલાલ જાની
કનૈયાલાલ દશરથલાલ જાની

-: ફર્મ :-
સ્મીત કલર લેબ, ગાંધીનગર
પાયલ કલર લેબ, ગાંધીનગર
પાયલ કલર લેબ, વિસત
અન્નપૂર્ણા ડીજીટલ સ્ટુડીયો, ચાંદખેડા
મો. : ૯૪૨૬૬ ૩૦૬૫૨, ૯૮૯૮૦ ૩૦૬૫૨

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
લિ. હિતેશ સતીશભાઈ જોષી તથા જોષી પરિવાર (ઉબખલવાળા)

ગાંધીનગરના પાદરે જૂજ ફ્લેટ અને ઓફીસ બાકી
SHREE Sharda Residency
Absorb...A Redefined Lifestyle

Developers
SHREE MADHAVKISHAN INFRA HOUSING PROJECTS PVT. LTD.
Site Address : Opp Vijay Appartment, Vavol, Gandhinagar
Contact : 99784 08880, 98258 05141

ગાંધીનગર પ્રજાપતિ સમાજની તા. ૩૧/૭/૨૦૧૬ના રોજ યોજાનાર ચૂંટણીના ઉમેદવારોની આખરી યાદી તથા મતદાન મથકની જાહેરાત

ઉમેદવારોની યાદી

ક્રમ	નામ	ફાળવેલ ચૂંટણી ચિન્હ
૧.	અમૃતભાઈ કેશવલાલ પ્રજાપતિ	નગારૂ
૨.	કમલેશભાઈ પરસોત્તમભાઈ પ્રજાપતિ	નગારૂ
૩.	કરસનભાઈ માધવલાલ પ્રજાપતિ	નગારૂ
૪.	ગોવિંદભાઈ રામાભાઈ ઓઝા	નગારૂ
૫.	ચીમનભાઈ દેવકરણદાસ પ્રજાપતિ	નગારૂ
૬.	ચિમનભાઈ સોમાભાઈ પ્રજાપતિ	નગારૂ
૭.	જયેશ ગોવિંદભાઈ પ્રજાપતિ	શ્રીફળ
૮.	ડાહ્યાભાઈ મગનલાલ પ્રજાપતિ	નગારૂ
૯.	નટવરલાલ લક્ષ્મણદાસ ઉપાલા	શ્રીફળ
૧૦.	પ્રહલાદભાઈ પ્રભુદાસ પ્રજાપતિ	નગારૂ
૧૧.	મણિલાલ કચરાભાઈ પ્રજાપતિ	નગારૂ
૧૨.	રાજેન્દ્રકુમાર અંબાલાલ પ્રજાપતિ	નગારૂ
૧૩.	રમેશભાઈ નારણભાઈ પ્રજાપતિ	નગારૂ
૧૪.	વિઠ્ઠલભાઈ કાળીદાસ પ્રજાપતિ	નગારૂ
૧૫.	સતિશભાઈ મોહનભાઈ પ્રજાપતિ	નગારૂ
૧૬.	હેમેન્દ્રભાઈ પોપટલાલ પ્રજાપતિ	શ્રીફળ
૧૭.	હરીશકુમાર પશાભાઈ પ્રજાપતિ	નગારૂ

: મતદાન મથક :
નગરપાલિકા ભવન, ન્યાય મંદિર પાછળ,
'ઘ' રોડ, સેક્ટર નં.૧૧, ગાંધીનગર
: મતદાનનો સમય :
સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધીનો રહેશે

નોંધ : ૧. દરેક ઉમેદવારે ૧૫ મત આપવાના રહેશે.
૨. દરેક મતદારે મતદાન વખતે પોતાનું ફોટા સાથેનું ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે.

સહી/-
ચૂંટણી અધિકારીશ્રી
ગાંધીનગર પ્રજાપતિ સમાજ, ગાંધીનગર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com